સુવિચાર : બીજાનાં હૃદયમાં આપણે કેટલો પ્રેમ પ્રગટાવ્યો છે એ જ આપણા આનંદનો સાચો માપદંડ છે - ઝેન કથન

તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૭ | ૧૮ નવેમ્બર, ૨૦૧૫, બુધવાર ; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- વિધાનસભા ચૂંટણીમાં કોઇ પણ જોડાણ કરવાનો માયાનો ઇન્કાર
- આંતરરાષ્ટ્રીય સરહદ પર ફરી પાકિસ્તાની સેનાનો ગોળીબાર
- ગુવાહાટી એક્સપ્રેસના બે કોચ ખડી પડતા ભાગદોડ
- ચેન્નાઈ સહિત તમિળનાડુના ઘણા વિસ્તારો જળબંબાકાર
- બીજા દિવસે રિકવરી : ૧૦૪ પોઈન્ટનો સુધારો
- ફોરજી વિસ્તરણ માટે કંપની ૩૪,૦૦૦ કરોડ ખર્ચ કરશે
- કાશ્મીરમાં એન્કાઉન્ટરમાં આર્મી કર્નલ સંતોષ શહિદ
- ફરીદકોટ મામલે રાહુલ ગાંધી આજે રાષ્ટ્રપતિને મળશે
- મોદીએ બાલ ઠાકરેને શ્રદ્ધાંજલિ અર્પણ કરી
- ફ્રાન્સના જુદા જુદા ભાગમાં જોરદાર દરોડાઓ

# ભારતમાં પણ આતંકી હુમલાનો ખતરો : રાજનાથ

**કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ દ્વારા એલર્ટ રહેવાની સલાહ : પેરિસમાં હુમલા બાદ દેશમાં એલર્ટ છે : આઈએસ સાથે સાંઠગાંઠ ધરાવતા શકમંદો ઉપર ચાંપતી નજર છે : ત્રાસવાદ સામે સંયુક્ત રીતે લડવાની જરૂર**



નવી દિલ્હી,તા. ૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે ચેતવણી આપતા કહ્યું હતું કે, આઈએસઆઈએસના નેતૃત્વમાં હુમલાઓની શક્યતા ભારતમાં પણ રહેલી છે. આ પ્રકારના હુમલાઓની શક્યતાને નકારી શકાય નહીં. પેરિસમાં ભીષણ ત્રાસવાદી હુમલા બાદ રાજનાથસિંહે આજે આ અંગેની પ્રતિક્રિયા આપી હતી. નવી દિલ્હીમાં બીજી આઈએસડીઆર એશિયા પાર્ટનરશીપ મિટિંગનું ઉદ્‌ઘાટન કરતા ગૃહમંત્રીએ કહ્યું હતું કે, ભારતમાં પણ આઈએસના નેતૃત્વમાં હુમલાઓની શક્યતા રહેલી છે. ભારતને દેશભરમાં હાઈએલર્ટ રહેવાની જરૂર છે.

રાજનાથસિંહે કહ્યું હતું કે, આઈએસ તરફથી હુમલાઓનો ખતરો ચોક્કસપણે તોળાઈ રહ્યો છે. આ એક વૈશ્વિક પડકાર તરીકે છે. આતંકવાદ સામે લડવામાં તમામ દેશો એક સાથે આવે તે જરૂરી છે. દેશમાં આઈએસનો ખતરો યથાવત રીતે તોળાઈ રહ્યો છે. તેમણે ઉમેર્યુ હતું કે, ભારત સંપૂર્ણપણે એલર્ટ છે. આતંકવાદી સંગઠન તરફથી ખતરાને લઈને ભારત બિલકુલ સાવધાન છે.

રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારત દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. જોકે તેમણે ઉમેર્યું હતું કે, આઈએસનો ખતરો કોઈપણ દેશના કોઈ ખાસ સંગઠનને સીધી રીતે રહેલો નથી. આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે અને તેનો નિકાલ તમામને સાથે મળીને કરવાની જરૂર છે. જાણીતા લેખકો, ફિલ્મ નિર્માતાઓ, સિવિલ સોસાયટી દ્વારા કરાઈ રહેલા વિરોધનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે ભારત એક સહિષ્ણુ દેશ છે. અસહિષ્ણુતા મામલે કોઈપણ જગ્યા રહેલી નથી.

ગૃહ મંત્રાલય દ્વારા આતંકવાદી હુમલાના ખતરાના સંદર્ભમાં તમામને ચેતવણી જારી કરવામાં આવેલી છે. શકમંદો ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

# વિશ્વ હિન્દુ પરિષદના મોભી અશોક સિંઘલનું નિધન

નવી દિલ્હી,તા. ૧૭

વિશ્વ હિન્દુ પરિષદના નેતા અશોક સિંઘલનું લાંબી માંદગી બાદ આજે ગુડગાંવની હોસ્પિટલમાં અવસાન થયું હતું. અશોક સિંઘલના મૃત્યુના સમાચાર ફેલાતાની સાથે જ વિહિપના કાર્યકરોમાં આઘાતનું મોજું ફરી

**વડાપ્રધાન મોદી સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી : દેશમાં વિહિપ કાર્યકરોમાં આઘાતનું મોજું ફેલાઈ ગયું**



વળ્યું હતું. બીજીબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય નેતાઓએ પણ અશોક સિંઘલને શ્રદ્ધાંજલિ આપી હતી. વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવિણ તોગડિયા દ્વારા અશોક સિંઘલના અવસાનના સમાચારની માહિતી સૌથી પહેલા અપાઈ હતી. તોગડિયાએ ગુડગાંવમાં મેદાંતા હોસ્પિટલમાં ૨:૨૪ વાગ્યે અશોક સિંઘલનું અવસાન થયું હોવાની વાત કરી હતી. ૮૯ વર્ષીય અશોક સિંઘલને ૧૪મી નવેમ્બરના દિવસે મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. શ્વાસ લેવાની તકલીફની ફરીયાદ સિંઘલે કરી હતી. તેમને અન્ય કેટલીક તકલીફ પણ હતી. નિમોનિયાની અસર પણ હતી. ૧૪મી નવેમ્બરની સાંજથી અશોક સિંઘલ વેન્ટિલેટર ઉપર હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે, સિંઘલનું અવસાનથી તેમને અંગત નુકશાન થયું છે. અશોક સિંઘલ પોતે એક સંસ્થા તરીકે હતા. તેમની લાઈફ દેશની સેવામાં જ ગઈ હતી. વડાપ્રધાન મોદીએ ટ્વીટર ઉપર કહ્યું હતું કે, તેમના અવસાનથી દેશને મોટું નુકશાન થયું છે.

# સાતમા વેતન પંચનો અહેવાલ આજકાલમાં સુપરત થશે

નવી દિલ્હી,તા. ૧૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સાતમાં વેતન પંચનો અહેવાલ ૨૦મી નવેમ્બરના દિવસે જારી કરવામાં આવનાર છે. સાતમા વેતન પંચના અહેવાલને પહેલી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસથી અમલી કરવાની તૈયારી ચાલી રહી છે. એક અગ્રેણી અખબારના હેવાલ મુજબ સાતમા વેતન પંચના અહેવાલથી આશરે ૪૮ લાખ સર્વિસમાં રહેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૫૪ લાખ પેન્શનરોને સીધી અસર થનાર છે. સુત્રોએ કહ્યુ છે કે અહેવાલમાં ઓછામાંઓછા ૧૫ટકાના વધારાની વાત કરે તેવી શક્યતા છે. ૯૦૦ પાનામાં અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે

**પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલીકરણ માટેની તૈયારી : આગામી ૨૦મીએ સુપરત થનાર સાતમા વેતનપંચના અહેવાલથી કેન્દ્ર સરકારના ૪૮ લાખ કર્મચારીઓ અને ૫૪ લાખ પેન્શનરોને સીધી અસર થશે**

ફેબ્રુઆરી ૨૦૧૪માં આની રચના કરવામાં આવી હતી. સાથે સાથે ૧૮ મહિનાની અંદર અહેવાલ આપવા માટે તેને કહેવામાં આવ્યુહતુ. જો કે ઓગષ્ટમાં સરકારે ડિસેમ્બર સુધી અહેવાલ આપવા માટે પેનલને ચાર મહિનાની વધારે મહેતલ આપી દીધી હતી. વેતન પંચ દ્વારા કેટલીક મોટી ભલામણ કરવામાં આવનાર છે. જેથી ગ્રુપ એ સર્વિસના તમામ અધિકારીઓને સૌથી મોટી રાહત મળી શકે છે. સાથે સાથે પેન્શનરોને પણ મોટી રાહત મળી શકે છે.

# આનંદીબેનનો અમદાવાદમાં ઝંઝાવતી ચુંટણી પ્રચાર

**સવારે ૧૦ વાગ્યાથી મુખ્યમંત્રીના રોડ શોના કાર્યક્રમની શરૂઆત : ઠેર-ઠેર માનવ મહેરામણ ઉમટ્યો : હાર જોઈ કોંગ્રેસ ભયભીત છે : આનંદીબેન પટેલ**

અમદાવાદ, તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી



આનંદીબેન પટેલે આજે અમદાવાદ શહેરમાં ઝંઝાવતી ચુંટણી પ્રચાર

કરીને કોંગ્રેસની છાવણીમાં ખળભળાટ મચાવી દીધો હતો. સવારે ૧૦વાગ્યાથી જ લોક સંપર્કનો દોર શરૂ થયો હતો. જે રાત્રિના ૧૦ વાગ્યા સુધી જારી રહ્યો હતો.

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સુરેલીયા એસ્ટેટથી લોક સંપર્ક રાઉન્ડની શરૂઆત થઈ હતી અને ઠેર ઠેર માનવ મહેરામણ ઉમટ્યું હતું. મુખ્યમંત્રીનું ફુલહારથી પાઘડી પહેરાવીને, જુદી જુદી ભેંટ આપીને સ્વાગત કરાયું હતું. સીટીએમ ચાર રસ્તા, સરદાર સંકુલ, ભાઈપુરા, ધીરજ હાઉસીંગ, હાટકેશ્વર સર્કલ, આવકાર હોલ ચાર રસ્તા, જયમાળા ચાર રસ્તા,ગોવિંદવાડી, ભૈરવનાથ ટેકરા થઈને શાહઆલમ અને દાણીલીમડા વિસ્તારમાંથી પસાર થઈ ખોડીયારનગર, બહેરામપુરા વોર્ડ ખાતે ઘનિષ્ટ કાર્યક્રમ યોજ્યો હતો. આનંદીબેને કહ્યું હતું કે, ભાજપને મત એટલે વિકાસને મત. ૨૧મી સદી અમદાવાદ માટે વિકાસની બની રહેશે. હાર જોઈને કોંગ્રેસના હોંશ ઉડી ગયા છે તેમ પણ મુખ્યમંત્રીએ કહ્યું હતું.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને હાલ પાટીદાર અનામત આંદોલનનું ફેક્ટર જબરદસ્ત નડી રહ્યું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ એકદમ નજીકમાં છે. અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપને પાટીદારોનો આક્રોશ સહન ન કરવો પડે તે હેતુથી આજે મુખ્યમંત્રી આંનદીબેન પટેલ પોતે ભાજપના પ્રચારમાં ઉતર્યા છે. છ મહાનગર પાલિકાની ચુંટણીઓ સંદર્ભે આજે અમદાવાદમાં મુખ્યમંત્રીનો પ્રથમ રોડશો છે.

વર્ષોથી આ વિસ્તારમાં ભાજપની આખેઆખી પેનલ ચૂંટાઈ આવે છે. આજે અમદાવાદમાં ભાજપના રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આનંદીબેન પોતે હાજર રહ્યા છે. છ મહાનગર પાલિકાની ચૂંટણીઓ સંદર્ભે આજે અમદાવાદમાં મુખ્યમંત્રીનો આજે પ્રથમ રોડશો છે. રોડ શોમાં ભારત માતા કી જયના સૂત્રોચ્ચાર સાથે સીએમ પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, અમદાવાદમાં છેલ્લા ૨૦વર્ષોથી ભાજપની સરકારે અનેક કાર્યો કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદને જાહેરહિતનું શાસન આપવા કોંગ્રેસની ખાતરી

અમદાવાદતા. ૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઆડે હવે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કોંગ્રેસે આજે અમદાવાદ સિટી

**કોંગ્રેસનું અમદાવાદ સિટી વિઝન ડોક્યુમેન્ટ જારી : ઘણા નવા વચનો : સારા રસ્તા, ચોખ્ખું પાણી અને ગટર વ્યવસ્થાને પ્રાથમિક્તા અપાશે : શહેરમાં ત્રણ નવી આધુનિક જાહેર હોસ્પિટલનું વચન : દરેક વોર્ડમાં મોડલ સ્કુલ હશે**

વિઝન ડોક્યુમેન્ટ ૨૦૧૫-૨૦૨૦ જારી કર્યું હતું. જેમાં કોંગ્રેસે તેના હાથમાં શાસન આવવાની સ્થિતિમાં જીપીએસ સિસ્ટમ, મિલકતવેરાનું પુનઃમુલ્યાંકન, સારા રસ્તા, ચોખ્ખું પાણી અને ગટરને પ્રાથમિક્તા આપવાની ખાતરી આપવામાં આવી છે. શહેરમાં ત્રણ નવી અત્યાધુનિક હોસ્પિટલ બનાવવાની ખાતરી પણ આપવામાં આવી છે. આ ઉપરાંત દરેક વોર્ડમાં ખાનગી શાળા સમકક્ષ મોડલ સ્કુલની શરૂઆત પણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ ચેતન રાવલે અતુલ્ય અમદાવાદને સિટી વિઝન ડોક્યુમેન્ટ જાહેર કર્યુ હતું. તેમજ આ અંગેની વધુ માહિતી પણ આપી હતી. સાથે-સાથે વિઝન ડોક્યુમેન્ટના સંદર્ભમાં પુરક માહિતી મ્યુનિસિપલ વિપક્ષના નેતા બદરુદ્દીન શેખ અને પૂર્વ મેયર હિંમતસિંહ પટેલે પુરી પાડી હતી. કોંગ્રેસના નેતાઓએ માહિતી આપતા કહ્યું હતું કે, આજે પણ શહેરના ૨૨ ટકા વિસ્તારોમાં ટેન્કરથી પાણી પુરુ પાડવામાં આવે છે. અનેક વિસ્તાર એવા છે જ્યાં પ્રદૂષિત પાણી મળી રહ્યું છે. પાણી આપવાનો સમય વધવાના બદલે ઘટતો જાય છે. પહેલા અમદાવાદમાં પાણી પુરુ પાડવા રાસ્કાવિયર સોર્સ મુખ્ય સોર્સ હતો. હવે નર્મદાનું પાણી પણ ઉપલબ્ધ થવાથી પાણી સપ્લાયના કલાકો વધવા જોઈએ તેના બદલે અણઘડ વહિવટના કારણે વધી શક્યા નથી. પાણીની લાઈન અને ગટરની લાઈનો ભેગી થઈ જવાના કારણે જીવલેણ રોગચાળાનો ભોગ અમદાવાદના નાગરીકો બની રહ્યા છે.કોંગી નેતાઓએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, પાણીના ડિસ્ટ્રીબ્યુશનને લગતી સિસ્ટમને સુઆયોજીત કરવામાં ભાજપના શાસનકર્તાઓ નિષ્ફળ નિવડ્યા છે. અમદાવાદ શહેરના ૩૧ ટકા જેટલા વિસ્તારોમાં હજી આજે પણ ગટર વ્યવસ્થા ઉપલબ્ધ નથી અને ૨૨૦૦ જેટલા ખાળકુવાથી અમદાવાદ શહેરનું કામ જેમતેમ ચલાવાય છે. જે ખાળકુવાઓ ખાલી કરાવવાની પણ પુરતી વ્યવસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ઉપલબ્ધ નથી. કોંગ્રેસના નેતાઓએ શિક્ષણ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા પહેલા તબક્કે પ્રત્યેક વોર્ડમાં ઓછામાં ઓછી એક મોડેલ સ્કુલ ઉભી કરાશે જે આધુનિક સાધનોથી સુસજ્જ કરી ઉચ્ચ કક્ષાનું શિક્ષણ અપાશે અને જેમાં પોતાના બાળકોને ભણાવવાનું માં-બાપ માટે ગૌરવવંતુ બની રહેશે.આરોગ્યની વાત કરતાં કોંગ્રેસે પોતાના વિઝન ડોક્યુમેન્ટમાં કહ્યું છે કે આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવામાં આવશે. રોગચાળો ન ફેલાય તે માટે આવશ્યક

● અનુસંધાન પાન-૭ પર




PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0,સરગાસણ ચાર રસ્તા,ગાંધીનગર

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area
● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫